ચલો સાથે મળી ભગવાનના વારસ બની જઇએ... શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઇએ
- ઉમાશંકર જોષી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૯ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૩, સોમવાર; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જિલ્લાના ધિરાણ પ્લાનમાં ૨૦૪ કરોડનો વધારો સૂચવાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના અર્થતંત્રને વધુ ધબકીલું બનાવવા માટે જિલ્લાની બેંકો આગામી નાણાંકીય વર્ષે રૂ. ૧૯૯૬ કરોડથી વધુનું ધિરાણ કરશે. પોટેન્શીયલ ક્રેડીટ પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષનો ધિરાણ પ્લાન ૧૭૯૨-૨૪ કરોડનો છે. જેમાં અત્યાર સુધીમાં ૬૫ ટકા જેટલી સિધ્ધિ બેંકોએ મેળવી લીધી છે. નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં હજુ ૩ માસનો ગાળો બાકી છે અને ૧૦૦ ટકા સિધ્ધિ હાંસલ થશે તેવો વિશ્વાસ બેંકિંગ ક્ષેત્રના વર્તુળો ધરાવી રહ્યા છે.

ચાલુ નાણાંકીય વર્ષ કરતાં રૂ. ૨૦૪.૭૦ કરોડનો જંગી વધારો ધિરાણ માટે નિર્ધારીત કરાયો છે. જે ચાલુ વર્ષની તુલનામાં ૧૨ ટકા જેટલો વધારો સૂચવે છે. જે અર્થતંત્રને વધુ ધબકતું બનાવશે તેવા નિર્દેશ પણ બેંકીગ ક્ષેત્રના વર્તુળો વ્યકત કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ધિરાણ પ્લાનમાં કૃષિ ધિરાણ (પાક ધિરાણ) ૪૮ ટકા સુધી કરવાનું આયોજન છે તો એગ્રીકલ્ચર ક્ષેત્રે ટર્મ ધિરાણ ૧૬ ટકા જેટલું આ ઉપરાંત નાના-લઘુ અને મધ્યમ ઉદ્યોગને ૭ ટકા જેટલું ધિરાણ તેમજ હાઉસીંગ લોન, એજયુકેશન લોન પ્રાથમિક અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ૨૯ ટકા ધિરાણ કરવાનું આયોજન છે.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ સ્વ સહાય જૂથોને રૂ. ૫૭૦ કરોડ જેટલું માતબર ધિરાણ આગામી નાણાંકીય વર્ષમાં કરી અર્થતંત્રને વધુ મજબુત બનાવવામાં આવશે.

મિશન મંગલમ્ યોજના હેઠળ સ્વસહાય જૂથો સખી મંડળોને વિશાળ ફલક પર સરકાર લઈ જવાનું વિચારી રહેલ છે તેથી આ ધિરાણમાં માતબર રકમ ફાળવવામાં આવી છે. ખાસ કરીને આજીવિકા લક્ષી યોજનાઓ માટે ગરીબ લોકોને સંગઠીત કરી જાગ્રત કરી વિવિધ પ્રકારની કૌશલ્ય તાલિમો આપી તેમના દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે બજાર સાથે બેંકીંગ ક્ષેત્રના સહયોગથી સાંકળવાનું આયોજન જિલ્લા તંત્ર દ્વારા વિચારણામાં છે અને તે માટે આજે એક મહત્વની બેઠક પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બોલાવી છે.

● અનુસંધાન પાન-૭ પર



પેરેન્ટ્સ સ્પોર્ટસ ડે - સ્કૂલ ઓફ એચીવરના પટાંગણમાં અનોખો રમતોત્સવ યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓની સાથે ખેલકૂદની કેટલીક સ્પર્ધાઓ રસપ્રદ અને રોમાંચક બની રહી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)

## રાંધેજા ખાતે ૮મી જાન્યુઆરીએ અભિનવ પ્રકારનો કૃષિ મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૯

આગામી ૮મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે એક અભિનવ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૫૦૦થી પણ વધુ ખેડૂતો ભાગ લેનાર છે.

રાંધેજા કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે યોજાનાર આ કૃષિ મેળામાં ૬૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર છે. જેમાં કૃષિ ઉત્પાદન વૃદ્ધિ સાથે સાથે આધુનિક ખેતી પધ્ધતિઓની સમજ આપવામાં આવશે. આ ઉપરાંત પશુપાલન અને ડેરી ઉદ્યોગને લગતા પણ વિશેષ સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર છે.

આ કૃષિ મેળામાં રવિપાકને લઈ ખેડૂતોને વિશેષ માર્ગદર્શન આપવા માટે ૩ વૈજ્ઞાનિકો ખાસ ઉપસ્થિત રહેનાર છે. જેઓ ખેડૂતોને રવિપાકનું ઉત્પાદન વધુ મેળવવા માટેની વિગતોથી વાકેફ કરશે. આ કૃષિ ગોષ્ઠીમાં રાજય અને જિલ્લાના અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લામાં કૃષિ મેળાના આયોજનને લઈ તંત્ર એ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. આ ગોષ્ઠીમાં ૨૫૦૦ જેટલા ખેડૂતો જોડાવાના હોઈ ખાસ પ્લોટ નિદર્શન પણ કરાવવામાં આવે તેવી શકયતાઓ છે.

ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની સુવિધા ઓછી હોવાથી ટપક સિંચાઈના ફાયદા, ગ્રીન હાઉસ ખેતી સહિતના મુદ્દાઓને આવરી લેતા સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવનાર છે. જેમાં સેન્દ્રીય ખેતી અંગે અલાયદો સ્ટોલ્સ હશે. આ ઉપરાંત કૃષ ક્ષેત્રના વિકાસની વિગતો આપતું પ્રદર્શન પણ હશે.

## NEWS બિટ્સ

### રાહુલ ગાંધીના કારણે કર્ણાટકના ધારાસભ્યોનો વિદેશ પ્રવાસ રદ

હજુ થોડાક માસ પૂર્વે જ કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર



રચાઈ છે. કર્ણાટકના તમામ ચુંટાયેલા ધારાસભ્યો સરકારી ખર્ચે સાઉથ અમેરિકાની પંદર દિવસની ટુર પર જવાના હતા પરંતુ રાહુલ ગાંધીએ તેમની બાજી બગાડી નાંખી છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારી ખર્ચે થનાર આ પ્રવાસ અંગે ના પસંદગી વ્યકત કરતા કર્ણાટકના ધારાસભ્યોનું સાઉથ અમેરિકા જવાનું સપનું તૂટી ગયું છે.

### યુ એસ ક્રિકેટ ટીમનું નેતૃત્વ ગુજરાતી યુવાન કરશે

ગુજરાતના પૂર્વ રણજી ખેલાડી તીમીલ પટેલ યુ એસની ક્રિકેટ ટીમના કેપ્ટન પદે પસંદગી પામ્યા છે. આગામી જુલાઈ માસમાં કેનેડા સામે રમાનારી સીરીઝ માટે તેમની પસંદગી કેપ્ટન તરીકે કરાઈ છે. ૨૯ વર્ષીય લેગ સ્પીનર તીમીલ પટેલ મૂળ અમદાવાદના છે. અને વર્ષ ૨૦૧૦માં પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા છે. ૨૦૧૨માં તેઓએ કેનેડા સામેની મેચમાં રમી ઈન્ટરનેશનલ ક્રિકેટ લેવલે પદાર્પણ કર્યું હતું.

### શશી થરૂર 'પેટા'ના પર્સન ઓફ ધ યર

પ્રાણીઓના હક્કો અંગે



ઝુંબેશ ચલાવતી સંસ્થા પીપલ ફોર ધ એથીકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ (પેટા) ઈન્ડિયાએ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યા છે. શરી થરૂર માનવ સંસાધન વિકાસ ખાતાના રાજયકક્ષાના પ્રધાન છે. તેઓએ મેડીકલ અને લાઈફ સાયન્સના વિદ્યાર્થીઓને શીખવવા માટે પ્રાણીઓ પર કરવામાં આવતા પ્રયોગો બંધ કરવા અપીલ કરી હતી. પ્રાણીઓની રક્ષા માટે તેમણે ભરેલા પગલાંની કદર રૂપે તેમને આ સન્માન અપાયું છે.



ચ-માર્ગથી સેકટર-૨૧ પ્રવેશ દ્વારા ખાતે પંચદેવ મંદિર સામે તંત્ર દ્વારા ફેન્સીંગ કરાઈ છે. ત્યાં ઘણા સમયથી બેસીને ધંધો કરતાં બુટ-ચપ્પલવાળા, પ્લાસ્ટીકનાં વાસણો વેચનારા, કપડાં વેચનારા, માટલાં, ફુલ વેચનારાંઓના કારણે ખરીદનારાઓના વાહનોને લીધે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાય છે એને કરીને આ પગલું ભરાયું છે તેમ સત્તાવાળાઓ દ્વારા જાણવા મળ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરમાં શીત લહેર યથાવત

### ઠંડા પવનોથી વસાહતીઓ ધ્રુજયા : આખો દિવસ સૌ કોઈ ઘરમાં પુરાઈ રહ્યા

ગાંધીનગર, તા.૨૯

ઠંડીનો પ્રકોપ ચાલુ રહ્યો છે. જો કે ગઈ કાલ કરતા લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધ્યું છે. પરંતુ સતત ફુંકાતા પવનોના કારણે વસાહતીઓ ઠંડીમાં થરથર ધ્રુજયા હતા. આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહેવું પડે તેવી ઠંડી અને પવનથી જનજીવનને પણ અસર થઈ છે.

ગાંધીનગરમાં છેલ્લા એકાદ મહિનાથી ખુબ ઠંડી પડી રહી છે. ડિસેમ્બર માસના અંતે તો થરથર ધ્રુજાવી દે તેવી આકરી ઠંડી પડી રહી છે. ગાંધીનગરમાં આ વર્ષે ઠંડીની અસર વધુ જોવા મળી રહી છે. વળી શીત લહેરના બીજા રાઉન્ડમાં જોરદાર પવન શરૂ થતા વસાહતીઓની હાલત બગડી ગઈ છે. વળી દિવસ નાનો

**પારો ૯ ડિગ્રી**

રહેતા તડકાની પણ કોઈ ખાસ અસર થતી નથી. મહત્તમ તાપમાન પણ ૨૫ ડિગ્રી જેટલું નીચું ઉતરી જતા આખો દિવસ અને રાત વસાહતીઓને ઠંડીમાં હેરાન થવું પડે છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી જેટલું નીચે ઉતરી ગયા બાદ આજે તેમાં બે ડિગ્રી જેટલો વધારો થયો હતો પરંતુ સતત ફુંકાતા પવનોએ ઠંડીથી કોઈ રાહત આપી ન હતી. ઘરના બારી બારણાં સતત બંધ રાખવા પડે તેવી આકરી ઠંડી હાલમાં પડી રહી છે. વસાહતીઓએ ગરમ વસ્ત્રો પહેરી તથા રાત્રે હીટર અને સગડી સળગાવી ઠંડીને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો. રવિવારે મહત્તમ તાપમાન ૨૫ ડિ.સે., લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૭૭ ટકા અને સાંજે ૪૩ ટકા રહ્યું હતું.

**કયાં કેટલી ઠંડી**

| શહેર | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલીયા | ૩.૪ |
| રાજકોટ | ૮.૧ |
| કંડલા એરપોર્ટ | ૮.૪ |
| ભુજ | ૮.૪ |
| દીવ | ૮.૫ |
| ગાંધીનગર | ૯.૦ |
| પોરબંદર | ૯.૦ |
| અમરેલી | ૯.૬ |
| ડીસા | ૯.૬ |
| અમદાવાદ | ૧૧.૯ |

## કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો આગેવાનો પ્રદેશ ભાજપના નેતાઓના સંપર્કમાં છે

ગાંધીનગર, તા.૨૯

આગામી લોકસભા ચૂંટણી પૂર્વે રાજકીય પક્ષો દ્વારા તડજોડની નીતિ શરુ કરાઈ છે. ભાજપ છોડી ગયેલા કેટલાક કોંગી ધારાસભ્યોએ ભાજપા નેતાઓનો સંપર્ક શરૂ કરતાં કોંગ્રેસમાં મોટા ભંગાણ પડવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

કોંગ્રેસના કેટલાક પૂર્વ ધારાસભ્યો તેમજ કેટલાક આગેવાનોએ કોંગ્રેસને અલવીદા કરીને ભાજપમાં ફરી રહ્યા છે. જેની સીધી અસર કોંગ્રેસના જિલ્લા તાલુકાના સંગઠન પર પડી રહી છે અને તેનું નુકશાન કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણીમાં ઉઠાવવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૨૪માં મારઝુડ-લૂંટની ફરિયાદ

### કોલવડાનાં બે શખ્સો યુવાનનાં ઘરમાં ઘુસીને લુંટ ચલાવી ગયા : જમીનનાં ૭/૧૨ના ઉતારા કેમ નથી આપતો કહીને સે-૨૪માં રાત્રે બંને શખ્સોએ ઘરમાં ઘુસીને મારઝુડ કરી

ગાંધીનગર, તા.૨૯

અપહરણ, મારઝુડ સહિતના ગુનાઓમાં અગાઉ પકડાયેલા કોલવડાના કુલદિપસિંહ કરણસિંહ વાઘેલા તથા તેના એક સાથીએ મળીને ગઈ કાલે રાત્રે સે-૨૪માં મકાનમાં ઘુસી એક યુવાનને મારી સોનાનો દોરો લુંટી લીધો હોવાની પોલીસ ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. લુંટ ચલાવીને મારઝુડ કરી ભાગી જનાર બંને કોલવડાના શખ્સો સામે સે-૨૪ના યુવાનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૪ ખાતે સ્થિત સહયોગ એપાર્ટમેન્ટના મકાન નં. ૨૪/૨ ખાતે રહેતા રણવિરસિંહ દિલીપસિહ રાણાના ઘરે ગઈ રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં કોલવડાના બે શખ્સો કુલદિપસિંહ કરણસિંહ વાઘેલા અને જયદિપસિંહ ઉર્ફે બાદશાહ વાઘેલા

● અનુસંધાન પાન-૭ પર











